ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૪/૨૪–૨૫/ 447 તારીખ : 16 MAY 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૦૪/૨૪–૨૫

પ્રતિ,
**શ્રી ગોહિલ કાળુભાઈ માનસિંગભાઈ,**
બેડા રોડ, આડો કેડો,
ગામ–ડુંગરપુર, તા. જેસર
જી. ભાવનગર
મો.નં– ૮૧૨૮૬ ૮૦૦૧૦.

**વિષય : નવું ખેતીવાડી વીજ જોડાણ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૧/૦૪/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૪–૨૫/૩૨૨ તા.૦૮/૦૪/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૪/૨૪–૨૫/૩૫૨ તા.૧૮/૦૪/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૫/૦૪/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **બગદાણા.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
૫.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૦૪/૨૪–૨૫</u>** ☜

**વાદી** :– **શ્રી ગોહિલ કાળુભાઈ માનસિંગભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૫/૦૪/૨૦૨૪</u>** ◈

હાજર રહયા :– **શ્રી ગોહિલ કાળુભાઈ માનસિંગભાઈ (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– (૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, **વિભાગીય કચેરી, મહુવા.**
(૨) શ્રી જે. જે. પરમાર, નાયબ ઈજનેર, **પેટા વિભાગીય કચેરી, બગદાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગોહિલ કાળુભાઈ માનસિંગભાઈ, મુ.ડુંગરપુર, તા.જેસરની નવું ખેતીવાડી વીજ જોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૪/૨૪–૨૫ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૦૪/૨૪–૨૫/૩૨૨ તા.૦૮/૦૪/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. **<u>૨૫/૦૪/૨૦૨૪</u>** ના રોજ મહુવા મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ગોહિલ કાળુભાઈ માનસિંગભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે (૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા (૨) શ્રી જે. જે. પરમાર, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, બગદાણા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભાવનગર જીલ્લાના જેસર તાલુકાના ડુંગરપુર ગામમાં બેડા રોડ આડો કેડા ખાતે અમારી ખેતીવાડી આવેલ છે. અમારી વીજ કચેરી બગદાણા છે. અમારે ખેતીવાડી સંયુકત નામે છે, જેની ઘર મેળે સમજુતી કરી, જમીનના ભાગ પાડેલ છે. દરેક ભાઈઓને અલગ અલલગ જમીન આપેલ છે અને બધાના કુવા અલગ છે.

૧.૨ એક ભાઈએ બેંક માંથી લોન ઉપાડેલ હોવાથી દરેક ભાઈઓના ખાતે જમીન ચડતી નથી તેથી મે અમારી વીજ કચેરીમાં ખેતીવાડ વીજ કનેકશન ની રૂ.૨૦૦/– તા.૨૨/૦૬/૨૦૧૬ ના રોજ પહોંચ નં.૭૫૧૦૫૧ થી ક્રમ વારા પ્રમાણે માંગણી કરેલ હતી અને વારો આવ્યા બાદ બગદાણા વીજ કચેરીમાંથી કર્મચારી મોજણી કરવા આવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ સર્વે કરી જતા રહેલ ત્યારબાદ કચેરી માંથી રૂા.૭૮૫૩/– નું કવોટેશન આવેલ તે અમે તા.૧૭/૦૫/૨૦૧૯ ના રોજ ભરી આપેલ છે. ત્યારબાદ સ્થળ ઉપર પોલ થાંભલા નંગ–૭ આવેલ છે. ત્યારબાદ કચેરીમાંથી થાંભલા કોઈ લગાડવા આવેલ નથી. કચેરીમાં તપાસ કરતા જાણવા મળેલ કે બાજુની વાડીમાં તમારા ભાઈનું વીજ કનેકશન ચાલે છે, તેથી તમને વીજ કનેકશન મળશે નહી.

૧.૪ દરેકની ખેતીવાડી અલગ અલગ છે. દરેકના કુવા પણ અલગ અલગ છે છતાં મે જણાવેલ કે ૭/૧૨ અલગ નીકળશે ત્યારે હું રજુ કરી આપીશ છતાં સાહેબે કોઈને વીજ કનેકશન લગાવવા મોકલેલ નથી.

૧.૫ તો આપ સાહેબને મારી નમ્ર અપીલ છે કે મારી ફરીયાદનો અભ્યાસ કરી અથવા કરાવી વીજ કનેકશન લગાવવા હુકમ કરવો.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ શ્રી કાળુભાઈ માનસંગભાઈ ગોહિલ, મુ.ડુંગરપર, તા.જેસર, જી.ભાવનગર દવારા તા.૨૨/૦૬/૨૦૧૮ ના રોજ પહોંચ નં.૭૫૧૦૫૧ થી રૂા.૨૦૦/– ભરી, રે.સર્વે નં.૧૨૦ પૈકી ૧ હે.આરે.ચો.મી.(૨–૭૩–૧૦) માં સામાન્ય યોજના હેઠળ નવું થ્રી ફેઈઝ ખેતીવાડી વીજજોડાણ માટે માંગણી કરેલ હતી.

૨.૨ ત્યારબાદ સદર વીજજોડાણ જે તે વખતે સ્થળ મોજણી કરી ભાવપત્રક નંબર૧૫૩૩/૨૪.૦૪.૨૦૧૯ થી રૂા.૭૮૫૩/– નું આપવામાં આવેલ છે, જે અરજદાર દવારા તા.૧૭.૦૫.૨૦૧૯ થી પહોંચ નં.૩૫૩૫૦૩–૦૫ થી ભરપાઈ કરેલ છે.

૨.૩ વધુમાં સદર અરજદારભાઈ ભાઈશ્રી એભલભાઈ માનસંગભાઈ ગોહિલ દવારા પણ તે જ સર્વે નં.૧૨૦ પૈકી ૧ માં પહોંચ નં.૯૫૪૫૩૧/૦૬.૦૬.૧૮ થી નવું ખેતીવાડી વીજ જોડાણની માગણી કરેલ, જેનું ભાવપત્રક નં.૧૫૦૪/૨૪.૦૪.૨૦૧૯ થી રૂા.૭૮૫૩/– નું આપવામાં આવેલ, જે પહોંચ નં.૩૮૩૫૦૯–૧૧ થી ભરપાઈ કરેલ છે.

૨.૪ આમ સદર એક જ સંયુકત સર્વે નં.૧૨૦ પૈકી ૧ હે.આરે.ચો.મી. (૨–૭૩–૧૦) માં કંપનીના સરકયુલર નં.પીજીવીસીએલ/પ્રોજેકટ/૧૨૦૭ તા.૨૬/૧૦/૨૦૧૬ મુજબ બીજુ વીજજોડાણ આપી શકાય તેમ ન હોય, તે અનુસંધાને અરજદારને પણ અનુક્રમે નોટીસ નં.બીજીએસ/ટેક/૨૯૮૫ તા.૧૨.૦૭.૧૯, બીજીએસ/ટેક/૩૬૭૨ તા.૧૯.૦૮.૧૯ થી જાણ કરેલ છે. તેમજ સદર વીજજોડાણ બાબતે અંતિમ નોટીસ નં.બીજીએસ/ટેક/૩૭૪૭ તા.૩૧.૦૮.૨૦૧૯ થી એક જ સર્વે નંબરમાં બીજુ વીજજોડાણ મળી શકે નહી, તે બાબતે જાણ કરેલ છે.

૨.૫ આમ સદર વીજજોડાણ બાબતે ૩ (ત્રણ) નોટીસ આપી અરજી કેન્સલ થયેલ છે. તેમજ આજદીન સુધી સદર અરજદાર દવારા વીજજોડાણ માટે રીફંડ ની અરજી પણ કરેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી ગોહિલ કાળુભાઈ માનસંગભાઈ દવારા ગામ–ડુંગરપર ગામમાં સર્વે નં.૧૨૦/૧ માં વીજ કનેકશન મેળવવા અરજી કરેલ, જે પ્રતિવાદી દવારા આપવામાં ન આવતા ફોરમને રજુઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે, જેમાં બન્ને પક્ષકારો એ હાજર રહી રજુઆતો કરેલ છે.

૩.૩ હાલના કેસની વિગતો જોતાં ફોરમને જણાય છે કે, અરજદાર દવારા તા.૨૨/૦૬/૨૦૧૮ ના રોજ જરૂરી ચાર્જ ભરી, નવા ખેતીવાડી વીજકનેકશનની અરજી કરવામાં આવેલ ત્યારબાદ આ કામનું અંદાજપત્ર રૂ.૭૮૫૩/- પણ તા.૧૭/૦૫/૨૦૧૯ ના રોજ ભરપાઈ કરી આપેલ. સાથે સાથે આજ સર્વે નં.૧૨૦/૧ માં તેમના નાના ભાઈશ્રી એભલભાઈ માનસંગભાઈ ગોહિલ દવારા પણ નવા ખેતીવાડી વીજકનેકશન ની માંગણી કરેલ અને તેનું અંદાજપત્ર પણ તેમના દવારા તા.૧૭/૦૫/૨૦૧૯ ના રોજ ભરપાઈ થયેલ અને તે અરજી ઓપરેટ થતા તેઓને સર્વે નં.૧૨૦/૧ પર નવું વીજ કનેકશન આપવામાં આવેલ.

જે તે સમયે પ્રતિવાદીની કચેરી દવારા સ્થળ ચકાસણી (સર્વે) સમયે જો પુરતી તકેદારી રાખવામાં આવેલ હોત તો પણ ક્ષતિ નિવારી શકાય હોત.

૩.૪ હાલ વાદીએ માંગેલ નવા વીજ કનેકશનનું સ્થળ સર્વે નં.૧૨૦ પૈકી ૧ પર શ્રી એભલભાઈ માનસંગભાઈ ગોહિલના નામનું ગ્રાહક નં.૮૯૨૦૬/૧૦૨૧૬/૦, જેની રીલીઝ તા.૨૯/૦૨/૨૦૨૦ સ્થળ પર આપવામાં આવેલ હોઈ, હાલના કેસના વાદીને તે જ જગ્યા પર નવું ખેતીવાડી વીજકનેકશન નિયમાનુસાર આપી શકાય નહી. આથી પ્રતિવાદી દવારા વાદીને ૩ નોટીસ તા.૧૨/૦૭/૧૯, તા.૧૯/૦૮/૧૯ અને તા.૩૧/૦૮/૧૯ થી વીજજોડાણ મળી શકે નહી, તે બાબતે જાણ કરેલ, જે કાર્યવાહી નિયમાનુસારની છે.

આ તબકકે ફોરમ દવારા અરજદારને હાલના વીજ જોડાણમાં લોડવધારો માંગીને આજ સર્વે નંબર ના બીજા કુવામાં મોટર ચલાવી શકાય છે તે બાબતે વિગતવાર સમજણ આપવામાં આવેલ છે.

૩.૫ આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી પીજીવીસીએલ એ વાદીને નવું કનેકશન મળી શકે તેમ ન હોઈ, ભરેલ પૈસા પરત કરવા તેમજ સ્થળ પર પડેલ થાંભલાઓ પરત લઈ લેવા.

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન-૩, ત્રીજો માળ, બ્લોક નં-૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
(..............)
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :- **૨૫/૦૪/૨૦૨૪.**